# Press Notes

## Navjivan Science College,Dahod

**2024-25**

# આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી:- 21 -06 -2024




દાહોદ નવજીવન સાયન્સ કોલેજમાં 10માં આંતરરાષ્ટ્રીય યોગ દિવસને કોલેજ સ્ટાફે યોગ કરી સફળ બનાવ્યો.

तमसो मा ज्योतिर्गमय
1973 - 2023

## કોલેજના બોટની ડિપાર્ટમેન્ટ દ્વારા સેમિનાર :- 19-07-2024

દિવ્ય ભાસ્કર
ગોધરા-દાહોદ ભાસ્કર 20-07-2024

# દાહોદ નવજીવન સાયન્સ કોલેજના બોટની ડિપાર્ટમેન્ટ દ્વારા સેમિનાર યોજાયો



દાહોદ. દાહોદ અનાજ મહાજન સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી સંચાલિત નવજીવન સાયન્સ કોલેજના બોટની ડિપાર્ટમેન્ટ દ્વારા 'લોકજીવનમાં વનસ્પતિશાસ્ત્રનો ઔષધિ તરીકે ઉપયોગ અંગે સેમિનારમાં 53 જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. વિષય નિષ્ણાંત તરીકે ડૉ.રૂપેશ નાકર શેઠ, પી.ટી.આર્ટ્સ & સાયન્સ કોલેજ ગોધરાએ ઉપસ્થિત રહી બી.એસી.બોટની વિષયનાં વિદ્યાર્થીઓનું ખૂબ સુંદર માર્ગદર્શન કર્યું હતું.

# કોલેજ દ્વારા ક્રોસ કંટ્રીનું આયોજન :- 11/08/2024

દિવ્ય ભાસ્કર ગોધરા-દાહોદ ભાસ્કર 11-08-2024

## દાહોદ સાયન્સ કોલેજ દ્વારા વિદ્યાર્થીઓ માટે ક્રોસ કન્ટ્રી સ્પર્ધાનું આયોજન



દાહોદ, દાહોદ અનાજ મહાજન સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી સંચાલિત નવજીવન સાયન્સ કોલેજ, દાહોદના શારિરીક શિક્ષણ અને રમત-ગમત વિભાગ દ્વારા કોલેજમાં આદિવાસી દિવસની ઉજવણી સંદર્ભે વિદ્યાર્થીઓ માટે ક્રોસ કન્ટ્રી (10 કીમી દોડ) આંતર વર્ગીય સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં 12 ખેલાડી ભાઈઓ અને 3 ખેલાડી બહેનોએ ભાગ લીધો હતો. વિજેતા ખેલાડીઓને શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટીની આંતર કોલેજમાં કોલેજનું પ્રતિનિધિત્વ કરાવવામાં આવશે.

# કોલેજ દ્વારા આદિવાસી દિનની ઉજવણી:- 12-08-2024

## નવજીવન સાયન્સ કોલેજ, દાહોદ દ્વારા આદિવાસી દિવસની ઉજવણી કરવામાં આવી



દાહોદ,

દાહોદ અનાજ મહાજન સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી સંચાલિત નવજીવન સાયન્સ કોલેજ, દાહોદ ના વિદ્યાર્થી સંઘ દ્વારા કોલેજમાં આદિવાસી દિવસની ઉજવણીનું આયોજન તા.૧૨–૦૮–૨૦૨૪ ના રોજ કરવામાં આવેલ હતું. જેમાં વિદ્યાર્થીઓ દ્વારા આદિવાસી વેશ પરિધાન કાર્યક્રમનું યોજવામાં આવેલ હતો. જેમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહ પૂર્વક ભાગ લીધેલ હતો. કોલેજના કાર્યકારી આચાર્ય ડૉ. જી.જે.ખરાદી એ પ્રોત્સાહન આપીને આયોજનને બિરદાવ્યુ હતું. સમગ્ર કાર્યક્રમ વિદ્યાર્થી સંઘના ડૉ. વી.જે.ચૌહાણ, શિખા મોઢીયા અને ભૂમિ તીલવાણી આગેવાની હેઠળ થયેલ હતો. કોલેજ ના સ્ટાફ સભ્યો એ પણ ખૂબ ઉત્સાહપૂર્વક ભાગ લીધેલ હતો.

## દાહોદ નવજીવન સાયન્સ કોલેજ દ્વારા આદિવાસી દિવસની ઉજવણી કરવામાં આવી



**ગુજરાતની અસ્મિતા ।**
**વિનોદ પંચાલ, દાહોદ**

દાહોદ અનાજ મહાજન સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી સંચાલિત નવજીવન સાયન્સ કોલેજ, દાહોદ ના વિધાર્થી સંઘ દ્વારા કોલેજમાં આદિવાસી દિવસની ઉજવણીનું આયોજન તા.૧૨-૮-૨૦૨૪ ના રોજ કરવામાં આવેલ હતું. જેમાં વિદ્યાર્થીઓ દ્વારા આદિવાસી વેશ પરિધાન કાર્યક્રમનું યોજવામાં આવેલ હતો. જેમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહ પૂર્વક ભાગ લીધેલ હતો. કોલેજના કાર્યકારી આચાર્ય ડૉ. જી.જે.ખરાદી એ પ્રોત્સાહન આપીને આયોજનને બિરદાવ્યુ હતું. સમગ્ર કાર્યક્રમ વિધાથી સંઘના ડૉ. વી.જે.ચૌહાણ, શિખા મોઢીયા અને ભૂમિ તીલવાણી આગેવાની હેઠળ થયેલ હતો. કોલેજ ના સ્ટાફ સભ્યોએ પણ ખૂબ ઉત્સાહપૂર્વક ભાગ લીધેલ હતો.

# આંતર કોલેજ ચેશ સ્પર્ધામાં વિજેતા:-13-08-2024

દિવ્ય ભાસ્કર ગોધરા-દાહોદ ભાસ્કર 21-08-2024

## આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, મુવાલ મુકામે આંતર કોલેજ ચેસ સ્પર્ધા યોજવામાં આવી



નવજીવન સાયન્સ કોલેજ, દાહોદ ચેસના ખેલાડીઓએ તા.૧૩-૦૮-૨૦૨૪ ના રોજ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, મુવાલ મુકામે શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી ની આંતર કોલેજ ચેસ સ્પર્ધામાં નવજીવન સાયન્સ કોલેજ, દાહોદ ની બહેનોની ચેસની ટીમ 6.5 પોઈન્ટ સાથે વિજેતા બની હતી.

# કોલેજના NSS એકમ દ્વારા દિવ્યાંગ બાળકો સાથે રક્ષાબંધનના દિનની ઉજવણી:- 16-08-2024

## અંધજન આશ્રમ શાળાના દિવ્યાંગ બાળકો સાથે રક્ષાબંધન પર્વની ઉજવણી




દિવ્યભાસ્કર તા.18/08/24

દાહોદ, શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી સંલગ્ન તેમજ દાહોદ અનાજ મહાજન સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી સંચાલિત નવજીવન સાયન્સ કોલેજ, દાહોદ ના એન. એસ. એસ. એકમનાં સ્વયંસેવક બહેનો દ્વારા દત્તક ગામ છાપરીની શ્રીમતી એન. બી. જૈન અંધજન શાળા, છાપરી, દાહોદના બાળકો માટે જાતે રાખડી બનાવવામાં આવી હતી અને દિવ્યાંગ બાળકોને રાખડી બાંધી તેમની સાથે રક્ષાબંધન પર્વની ઉજવણી કરવામાં આવી હતી.

## નવજીવન સાયન્સ કોલેજ, દાહોદ ખાતે દિવ્યાંગ બાળકો સાથે રક્ષાબંધનની ઉઉજવણી કરવામાં આવી



દાહોદ તા.૧૯

નવજીવન સાયન્સ કોલેજ, દાહોદ ના એન. એસ. એસ. એકમ ના સ્વયંસેવક બહેનો દ્વારા જાતે રાખડી બનાવી શ્રીમતી. એન. બી. જૈન અંધજન આશ્રમ શાળાના દિવ્યાંગ બાળકો સાથે રક્ષાબંધન પર્વની ઉજવણી કરવામાં આવી હતી.

દાહોદ, તા. ૧૬/૦૮/૨૦૨૪, શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી સંલગ્ન તેમજ દાહોદ અનાજ મહાજન સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી સંચાલિત નવજીવન સાયન્સ કોલેજ, દાહોદ ના એન. એસ. એસ. એકમનાં સ્વયંસેવક બહેનો દ્વારા દત્તક ગામ છાપરી ની શ્રીમતી એન. બી. જૈન અંધજન શાળા, છાપરી, દાહોદ ના બાળકો માટે જાતે રાખડી બનાવવામાં આવી હતી.

રક્ષાબંધનના પાવન પર્વ નિમિત્તે એન. એસ. એસ. ની સ્વયંસેવીકા બહેનો અંધજન શળાના દિવ્યાંગ બાળકો માટે જાતે રાખડી બનાવી રક્ષાબંધન પાવન પર્વની ઉજવણી કરી હતી. શાળાના આચાર્ય શ્રી. શેખ સાહેબ દ્વારા એન. એસ. એસ. ના સ્વયંસેવકોને શાબ્દિક માર્ગદર્શન આપી આવકારયા હતા. એન. એસ. એસ. સ્વયંસેવક બહેનો એ જાતે રાખડી બનાઈ "ઓછા ખર્ચે શ્રેષ્ઠ કામગીરી" કરી સાચા અર્થમાં રાષ્ટ્રીય સેવા યોજના (દ્રજીજી)ની કામગરીને પુરવાર કરી છે. ૫૦૦ રૂા ના ખર્ચે ૧૨૦ જેટલી રાખડીઓ બનાવી અત્રેની કોલેજના એન. એસ. એસ. સ્વયંસેવક બહેનોએ સરાહનીય કાર્ય કરેલ છે. તે બદલ કોલેજના કાર્યકારી આચાર્ય ડૉ. જી. જે. ખરાદી, એન. એસ. એસ. પ્રોગ્રામ ઓફીસર તેમજ કોલેજ સ્ટાફે બહેનોને અભિનંદન પાઠવ્યા હતા.

Vaak shkti news date: 17/08/24

# વર્ષ 2024-25 માટે વિધ્યાર્થી સંઘની રચના:-20/08/2024

ગુજરાતમિત્ર

બુધવાર ૨૧ ઓગષ્ટ, ૨૦૨૪

સંક્ષિપ્ત સમાચાર

## દાહોદની નવજીવન સાયન્સ કોલેજમાં વિદ્યાર્થી સંઘની રચના કરવામાં આવી



**દાહોદ** : દાહોદ અનાજ મહાજન સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી સંચાલિત નવજીવન સાયન્સ કોલેજ, માં વિદ્યાર્થી સંઘ નુ આયોજન તા.૨૦/૦૮/૨૦૨૪ ના રોજ કરવામાં આવેલ હતું. જેમાં G.S. - અમૃતા બામણીયા L.R.- રેણુકા નિનામા, રમગમત મંત્રી - પટેલ અફરોઝ, સાંસ્કૃતિક મંત્રી - વિશાખા વિશ્વકર્મા, ચર્ચા સભામંત્રી - શેખ સેફાલી, મેગેઝિન મંત્રી - રાઠોડ કરિશ્મા, પ્રવાસન મંત્રી - પંચાલ ભક્તિ, ઇન્વેટીવ મંત્રી - શેખ માહેનુર ની નિમણુક કરવામાં આવી હતી. કોલેજના કાર્યકારી આચાર્યશ્રી ડૉ. જી.જે.ખરાદી વિદ્યાર્થી સંઘના ડૉ. વી.જે.ચૌહાણ, શિખા મોઢીયા અને ભૂમિ ટીલવાણી આગેવાની હેઠળ સંઘની રચના કરવામાં આવી.

દિવ્ય ભાસ્કર ગોધરા-દાહોદ ભાસ્કર 23-08-2024

## દાહોદ નવજીવન સાયન્સ કોલેજ દ્વારા વિદ્યાર્થી સંઘની રચના કરવામાં આવી



દાહોદ. દાહોદ નવજીવન સાયન્સ કોલેજમાં વિદ્યાર્થી સંઘની રચનામાં જી.એસ. અમૃતા બામણીયા, એલ.આર. રેણુકા નિનામા હતા. જ્યારે રમગમત મંત્રી પટેલ અફરોઝ, સાંસ્કૃતિક મંત્રી વિશાખા વિશ્વકર્મા, ચર્ચા સભામંત્રી શેખ સેફાલી, મેગેઝિન મંત્રી રાઠોડ કરિશ્મા, પ્રવાસન મંત્રી પંચાલ ભક્તિ, ઈન્વેટીવ મંત્રી શેખ માહેનુરની નિમણુક કરવામાં આવી હતી.

# કોલેજ દ્વારા જન્માષ્ટમીની ઉજવણી:- 23-08-2024

દિવ્ય ભાસ્કર ગોધરા-દાહોદ ભાસ્કર 24-08-2024

## દાહોદ નવજીવન સાયન્સ કોલેજ દ્વારા જન્માષ્ટમીની ઉજવણી કરવામાં આવી



દાહોદ. દાહોદ અનાજ મહાજન સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી સંચાલિત નવજીવન સાયન્સ કોલેજ, દાહોદના વિદ્યાર્થી સંઘ દ્વારા કોલેજમાં જન્માષ્ટમીની ઉજવણીમાં મટકી ફોડ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

## કોલેજ દ્વારા વિધ્યાર્થીનીઓ માટે ઓરીએન્ટેશન કાર્યક્રમ:-

**22-08-2024**

# વિદ્યાર્થિનીઓ માટે નવજીવન સાયન્સ કોલેજમાં ઓરિએન્ટેશન કાર્યક્રમ યોજાયો



દાહોદ. દાહોદ નવજીવન સાયન્સ કોલેજનાં કોલેજિયેટ વિમેન્સ ડેવલપમેન્ટ કમિટી દ્વારા વિદ્યાર્થિનીઓ માટે ઓરીએન્ટેશન પ્રોગ્રામમાં પરિચય તથા મહિલા સશક્તિકરણ વિશે CWDCનાં કન્વીનર પ્રોફેસર નિકહત એ. વોહરા દ્વારા સમજાવાતા કોલેજની 117 જેટલી વિદ્યાર્થિનીઓએ ભાગ લીધો હતો.

# કોલેજ દ્વારા રાષ્ટ્રીય અવકાશ દિનની ઉજવણી:- 23-08-2024

## નવજીવન સાયન્સ કોલેજ, દાહોદ દ્વારા રાષ્ટ્રીય અવકાશ દિનની ઉજવણી

દાહોદ : દાહોદ અનાજ મહાજન સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી સંચાલિત નવજીવન સાયન્સ કોલેજ, દાહોદના ભૌતિક શાસ્ત્ર વિભાગ દ્વારા પ્રથમ રાષ્ટ્રીય અવકાશ દિવસ નિમિતે ઓનલાઈન પ્લેટફોર્મ પર વેબિનારના કાર્યક્રમનું આયોજન તા.૨૩ના રોજ કરાયું હતું. જેમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહ પૂર્વક ભાગ લીધેલ હતો. કોલેજના કાર્યકારી આચાર્ય ડૉ. જી.જે.ખરાદીએ પ્રોત્સાહન આપીને આયોજનને બિરદાવ્યુ હતું. કોલેજના સ્ટાફ સભ્યોએ પણ ખૂબ ઉત્સાહપૂર્વક ભાગ લીધેલ હતો.

દિવ્ય ભાસ્કર ગોધરા-દાહોદ ભાસ્કર 25-08-2024

## નવજીવન સાયન્સ કોલેજ, દાહોદ દ્વારા રાષ્ટ્રીય અવકાશ દિવસની ઉજવણી



દાહોદ, દાહોદ અનાજ મહાજન સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી સંચાલિત નવજીવન સાયન્સ કોલેજ, દાહોદના ભૌતિક શાસ્ત્ર વિભાગ દ્વારા પ્રથમ રાષ્ટ્રીય અવકાશ દિવસ નિમિતે ઓનલાઈન પ્લેટફોર્મ પર વેબીનારના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કોલેજના કાર્યકારી આચાર્ય ડૉ. જી.જે.ખરાદીએ પ્રોત્સાહન આપીને આયોજનને બિરદાવ્યુ હતું.

# મેડિટેશન વર્કશોપનું આયોજન :- 01-09-2024

## દાહોદ નવજીવન સાયન્સ કોલેજમાં મેડિટેશનના વર્કશોપનું આયોજન કરાયું




દાહોદ, દાહોદ અનાજ મહાજન સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી સંચાલિત નવજીવન સાયન્સ કોલેજ, દાહોદના શારિરીક શિક્ષણ અને રમત-ગમત વિભાગ દ્વારા મેડિટેશના વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. રામભાઈ જે હિમાચલ પ્રદેશથી આવેલ હતા. જેમને 3 દેશની પદયાત્રા કરેલ છે અને માનવ મંદિરની સ્થાપના કરવાની અને માનવતા ફેલાવવા માટે તે પદયાત્રા કરે છે અને 15 વર્ષથી મેડિટેશનના અભ્યાસુ છે. તેમની સાથે સૌરભભાઈ પણ હતાં જેઓ 20 રાજ્યની પદયાત્રા કરેલ છે. આ વર્કશોપમાં 261 જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધેલ હતો.

# કોલેજ દ્વારા સ્વશાસન દિનની ઉજવણી :- 05-09-2024

ઇન્ટેસીફાઇડ કેમ્પેઇનનુ આયોજન

માહિતી આપવામાં આવી હતી.

## નવજીવન સાયન્સ કોલેજ, દાહોદ દ્વારા સ્વશાસન દિનની ઉજવણી કરવામાં આવી



દાહોદ,

દાહોદ અનાજ મહાજન સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી સંચાલિત નવજીવન સાયન્સ કોલેજ, દાહોદ ના વિદ્યાર્થી સંઘ દ્વારા કોલેજમાં શિક્ષક દિન ઉજવણીના ભાગરૂપે કોલેજમાં સ્વશાસન દિવસનું આયોજન તા.૦૫-૦૯-૨૦૨૪ કરેલ હતું. જેમાં ૩૪ વિદ્યાર્થીઓએ ભાગ લીધેલ હતો. જેમાં આચાર્ય તરીકિની જવાબદારી સંગાડા વીધ્યાની એ નિભાવી હતી અને બીજા વિદ્યાર્થીઓએ પણ શિક્ષકની જવાબદારી નિભાવીને શૈક્ષણિક કાર્ય કરેલ હતું. જેમાં વિદ્યાર્થીઓએ પણ ઉત્સાહ પૂર્વક ભાગ લીધેલ હતો. કોલેજના કાર્યકારી આચાર્ય ડૉ. જી.જે.ખરાદી એ પ્રોત્સાહન આપીને આયોજનને બિરદાવ્યુ હતું. સમગ્ર કાર્યક્રમ વિદ્યાર્થી સંઘના ડૉ. વી.જે.ચૌહાણ, શિખા મોઢીયા, ભૂમિ તીલવાણી અને ધ્રુવી પટેલની આગેવાની હેઠળ થયેલ હતો. કોલેજના તમામ વિભાગના વડા અને સ્ટાફ સભ્યો એ પણ ઉત્સાહપૂર્વક મદદરૂપ થઈને સહકાર આપેલ હતો.

# કોલેજના NSS એકમ અને ઝાયડસ બ્લડ સેન્ટર દ્વારા બ્લડ ડોનેશન કેમ્પ યોજાયો:- 13-09-2024

## નવજીવન સાયન્સ કોલેજ, દાહોદ એન. એસ. એસ. એકમ અને ઝાયડસ બ્લડ સેન્ટર, દાહોદના સંયુક્ત ઉપક્રમે બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું




દાહોદ તા.૧૩

તા.૧૩ સપ્ટેમ્બર ૨૦૨૪ ના રોજ શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી, વિંઝોલ, ગોધરા સંલગ્ન અને દાહોદ અનાજ મહાજન સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી સંચાલિત નવજીવન સાયન્સ કોલેજ ખાતે ઝાયડસ બ્લડ સેન્ટર, દાહોદ અને ઝાયડસ મેડીકલ કોલેજ એન્ડ હોસ્પિટલ, દાહોદ ના સંયુક્ત ઉપક્રમે બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં ઝાયડસ મેડીકલ કોલેજ એન્ડ હોસ્પિટલ, દાહોદ ના ડીન ડૉ.ત્રિપાઠી સર, ઝાયડસ બ્લડ સેન્ટર ના ડૉ. ઋગવી પટેલ **(Blood transfusion officer)**, ઝાયડસ બ્લડ સેન્ટરના અન્ય સ્ટાફ અને કોલેજ સ્ટાફ સભ્યો વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. ડૉ. ઋગવી પટેલ મેડમ દ્વારા પાવરપોઈંટ પ્રેઝન્ટેશન ના માધ્યમથી બ્લડ ડોનેશન વિશે વિદ્યાર્થીઓને માહિતગાર કરવામાં આવ્યા હતા. ડૉ.ત્રિપાઠી સર એ વિદ્યાર્થીઓને યુવાનોની સમાજ, રાષ્ટ્ર માટે ભૂમિકા અને બ્લડ ડોનેશન વિશે પ્રોત્સાહન પૂરું પાડિયું હતું. આ સેમિનારમાં મોટી સંખ્યામાં ૧૭૦ જેટલાં વિદ્યાર્થીઓ અને સ્ટાફ સભ્યો હાજર રહ્યા હતા.

બ્લડ ડોનેશન કેમ્પ ની શરૂઆત કોલેજની સ્વયંસેવક બેહનો દ્વારા **First time donor**, બ્લડ ડોનેશન કરી બીજા સ્વયંસેવકોને પ્રોત્સાહન પુરું પાડ્યું હતું. આ કેમ્પમાં એન.એસ.એસ. સ્વયંસેવકો, વિદ્યાર્થીઓ અને સ્ટાફ દ્વારા ૨૬ યુનિટ બ્લડ એકત્રિત કરવામાં આવ્યું હતું.તમામ કાર્યક્રમનું આયોજન એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર ડૉ. શ્રેયસ પટેલ, શ્રી. નીલ પટેલ અને સ્વયંસેવકો દ્વારા કર્યાકારી આચાર્ય ડૉ. જી. જે. ખરાદી સર ના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું.

દિવ્ય ભાસ્કર ગોધરા-દાહોદ ભાસ્કર 15-09-2024

## દાહોદ NSS એકમ અને ઝાયડસ બ્લડ સેન્ટર દ્વારા બ્લડ ડોનેશન કેમ્પ યોજાયો



દાહોદ, શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી, વિંઝોલ, ગોધરા સંલગ્ન અને દાહોદ અનાજ મહાજન સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી સંચાલિત નવજીવન સાયન્સ કોલેજ ખાતે ઝાયડસ બ્લડ સેન્ટર, દાહોદ અને ઝાયડસ મેડીકલ કોલેજ એન્ડ હોસ્પિટલ, દાહોદના સંયુક્ત ઉપક્રમે બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ઝાયડસ મેડીકલ કોલેજ એન્ડ હોસ્પિટલ, દાહોદના ડીન ડૉ.ત્રિપાઠી, ઝાયડસ બ્લડ સેન્ટરના ડૉ. ઋગવી પટેલ (Blood transfusion officer), ઝાયડસ બ્લડ સેન્ટરના અન્ય સ્ટાફ અને કોલેજ સ્ટાફ સભ્યો વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. આ સેમિનારમાં મોટી સંખ્યામાં 170 જેટલાં વિદ્યાર્થીઓ અને સ્ટાફ સભ્યો હાજર રહ્યા હતા.

## કોલેજના રસાયણશાસ્ત્ર વિભાગ દ્વારા આણંદ મુકામે ત્રણ દિવસીય વર્કશોપમાં ભાગ લીધ:- 17-09-2024

# નવજીવન સાયન્સ કોલેજે ત્રણ દિવસીય વર્કશોપમાં આણંદમાં ભાગ લીધો




દાહોદ. નવજીવન સાયન્સ કોલેજે વિશ્લેષણ અને સંશોધનમાં ઉપયોગમાં લેવાતા સાધનોના ત્રણ દિવસીય વર્કશોપમાં વલ્લભ વિદ્યાનગર, આણંદ ખાતે ભાગ લીધો હતો. જેનુ આયોજન કોલેજના પ્રિસિપાલ ડૉ. જી.જે.ખરાદી અને ડૉ. એચ. આર.ડાભી દ્વારા કરવામાં આવ્યું હતું.

# કોલેજના NSS એકમ દ્વારા સ્વછતા દિનની ઉજવણી:- 18-09-2024

## દાહોદની નવજીવન સાયન્સ કોલેજમાં સફાઈ અને સિંગલ - યુઝ પ્લાસ્ટિક ફ્રી કેમ્પસ માટે અભિયાન



**દાહોદ :** શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી, વિંઝોલ, ગોધરા સંલગ્ન દાહોદ અનાજ મહાજન સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી સંચાલિત નવજીવન સાયન્સ કોલજ, દાહોદ ના એન. એસ.એસ. એકમનાં સ્વયંસેવકો દ્વારા સ્વછતા હી સેવા - 2024 અભિયાન અંતર્ગત 'સ્વભાવ સ્વછતા - સંસ્કાર સ્વછતા' હેઠળ કોલેજ કેમ્પસની સફાઈ કરવામાં આવી. તેમજ કોલેજ કેમ્પસ માંથી સિંગલ - યુઝ પ્લાસ્ટિક નિકાલ કરી અને સ્વયંસેવકો દ્વારા કોલેજના અન્ય વિદ્યાર્થીઓને કોલેજ કેમ્પસ સ્વચ્છ રાખવા અને સિંગલ - યુઝ પ્લાસ્ટિકનો ઉપયોગ ન કરવા માટે વિશેષ ઝુંબેશ હાથ ધરવામાં આવ્યું હતું. ગુજરાતમિત્ર તા. 19/09/24

## દાહોદ નવજીવન સાયન્સ કોલેજમાં કેમ્પસ સફાઈ અને સિંગલ યુજ પ્લાસ્ટીકની ઝુંબેશ હાથ ધરાઈ



પંચમહાલ સમાચાર દાહોદ, નવજીવન સાયન્સ કોલેજ, દાહોદ ના એન.એસ.એસ.એકમના સ્વયંસેવકો દ્વારા સ્વછતા હી સેવા—૦૨૪ કાર્યક્મ અંતર્ગત કોલેજ કેમ્પસ સફાઈ અને સિંગલ—યુઝ પ્લાસ્ટિક ફ્રી કેમ્પ્સ માટેનું વિશેષ ઝુંબેશ હાથ ધરવામાં આવ્યું.

દાહોદ તા.૧૮/૦૯/૨૪ બુધવારના રોજ, ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી, વિંઝોલ, ગોધરા સંલગ્ન દાહોદ અનાજ મહાજન સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી સંચાલિત નવજીવન સાયન્સ કોલજ, દાહોદના એન.એસ.એસ. એકમનાં સ્વયંસેવકો દ્વારા સ્વછતા હી સેવા—૨૦૨૪ અભિયાન અંતર્ગત 'સ્વભાવ સ્વછતા— સંસ્કાર સ્વછતા' હેઠળ કોલેજ કેમ્પસની સફાઈ કરવામાં આવી. તેમજ કોલેજ કેમ્પસ માંથી સિંગલ—યુઝ પ્લાસ્ટિક નિકાલ કરી અને સ્વયંસેવકો દ્વારા કોલેજના અન્ય વિદ્યાર્થીઓને કોલેજ કેમ્પસ સ્વચ્છ રાખવા અને સિંગલ—યુઝ પ્લાસ્ટિકનો ઉપયોગ ન કરવા માટે વિશેષ ઝુંબેશ ચાલવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું આયોજન કોલેજના કાર્યકરી આચાર્ય ડો. જી.જે.ખરાદીના માર્ગદર્શન હેઠળ એન. એસ.એસ.પ્રોગ્રામ ઓફિસર ડો. શ્રેયસ પટેલ અને નીલ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

# કોલેજ દ્વારા મલખમ આંતર કોલેજ સ્પર્ધાનું આયોજન:- 25-09-2024

## નવજીવન સાયન્સ કોલેજ, દાહોદ દ્વારા મલખંમ આંતર કોલેજ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું

દાહોદ,

દાહોદ અનાજ મહાજન સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી સંચાલિત નવજીવન સાયન્સ કોલેજ, દાહોદ ના શારિરીક શિક્ષણ અને રમત-ગમત વિભાગ દ્વારા શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી, ગોધરાના શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૫ની મલખંમ આંતર કોલેજ સ્પર્ધાનું તા.૨૪-૦૯-૨૦૨૪ ને બુધવારના રોજ આયોજન કરવામાં આવેલ હતું. મલખંમ આંતર કોલેજ સ્પર્ધામાં યુનિવર્સિટી પ્રતિનિધિ તરીકે શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી, ગોધરાના ઇસી મેમ્બર યોગેન્દ્રસિંહ ચૌહાણની પ્રેરક ઉપસ્થિત હતી. સ્પર્ધાના જજીસ તરીકે નવજીવન સાયન્સ કોલેજ, દાહોદના MOU પાર્ટનર ગુજરાત સ્ટેટ મલખંમ એસોસિએશનના મંત્રી રાહુલ ચોકસી અને મલખંમ ફેડરેશન ઓફ ઇન્ડિયાના સહમંત્રી સંગીતા ચોકસી મદદરૂપ થયેલ હતાં. આ સ્પર્ધામાં ૪ કોલેજના ૨૧ ખેલાડીઓએ ભાગ લીધેલ હતો. આ સ્પર્ધામાં ટીમ ચેમ્પિયન શિપમાં પ્રથમ ક્રમે આર્ટ્સ અને કોમર્સ કોલેજ, સાવલી દ્વિતીય ક્રમે નવજીવન સાયન્સ કોલેજ, દાહોદ અને તૃતીય ક્રમે જે એંડ આર બી.એડ. કોલેજ, દાહોદ જ્યારે વ્યક્તિગત ચેમ્પિયનશિપનું પરિણામ ભાઈઓની સ્પર્ધામાં પ્રથમ ક્રમે કોળી ટીગેશ્વર (નવજીવન સાયન્સ કોલેજ, દાહોદ) દ્વિતીય ક્રમે મોહનિયા જસવંત ( જે એંડ આર બી.એડ. કોલેજ, દાહોદ) તૃતીય ક્રમે પરમાર રવિન્દ્ર (આર્ટ્સ અને કોમર્સ કોલેજ, સાવલી) અને બહેનોની વ્યક્તિગત સ્પર્ધામાં પ્રથમ ક્રમે પાવા રશ્મિકા (આર્ટ્સ અને કોમર્સ કોલેજ, સાવલી) દ્વિતીય ક્રમે ગોહિલ રેખા (આર્ટ્સ અને કોમર્સ કોલેજ, સાવલી) તૃતીય ક્રમે ગીરી સીમરન (નવજીવન સાયન્સ કોલેજ, દાહોદ) પ્રાપ્ત કરેલ હતા. આ સ્પર્ધાને સફળ રીતે આયોજન કરવા માટે કોલેજના કાર્યકારી આચાર્ય ડો. ગૌરાંગકુમાર ખરાદી એ પૂરતો સહકાર અને પ્રોત્સાહન આપેલ હતો. આ સ્પર્ધાનું સફળ સંચાલન અને આયોજન શારીરિક શિક્ષણ અને રમતગમતના નિયામક ડો.વિ.જે.ચૌહાણ દ્વારા કરવામાં આવેલ હતું. આ સ્પર્ધાના વિજેતા ખેલાડીઓને સમગ્ર કોલેજ પરિવાર તરફથી પણ શુભેચ્છાઓ પાઠવેલ હતી.

## દાહોદ નવજીવન સાયન્સ કોલેજ દ્વારા મલખંમ આંતર કોલેજ સ્પર્ધાનું આયોજન



દાહોદ, નવજીવન સાયન્સ કોલેજ, દાહોદના શારિરીક શિક્ષણ અને રમત-ગમત વિભાગ દ્વારા શ્રી ગોવિંદ ગુરૂ યુનિ. શૈક્ષણિક વર્ષની મલખંમ આંતર કોલેજ સ્પર્ધાનું આયોજન કરેલ હતું. ટીમ ચેમ્પિયન શિપમાં પ્રથમ ક્રમે આર્ટ્સ અને કોમર્સ કોલેજ, સાવલી દ્વિતીય ક્રમે નવજીવન સાયન્સ કોલેજ, દાહોદ અને તૃતીય ક્રમે જે એંડ આર બી.એડ. કોલેજ, દાહોદ જ્યારે વ્ય ભાઈઓની સ્પર્ધામાં પ્રથમ ક્રમે કોળી ટીગેશ્વર (નવજીવન સાયન્સ કોલેજ, દાહોદ), દ્વિતીય ક્રમે મોહનિયા જસવંત (જે એંડ આર બી.એડ. કોલેજ, દાહોદ), તૃતીય ક્રમે પરમાર રવિન્દ્ર (આર્ટ્સ અને કોમર્સ કોલેજ, સાવલી) અને બહેનોની વ્યક્તિગત સ્પર્ધામાં પ્રથમ ક્રમે પાવા રશ્મિકા (આર્ટ્સ અને કોમર્સ કોલેજ, સાવલી), દ્વિતીય ક્રમે ગોહિલ રેખા (આર્ટ્સ અને કોમર્સ કોલેજ, સાવલી), તૃતીય ક્રમે ગીરી સીમરન (નવજીવન સાયન્સ કોલેજ, દાહોદ) પ્રાપ્ત કર્યો હતો.

# કોલેજની વિધ્યાથીની બહેનો આંતર કોલેજ બેડમિન્ટન સ્પર્ધામાં વિજેતા :- 04-10-2024

## શ્રી બી. કે. પટેલ આર્ટ્સ એન્ડ શ્રીમતી એલ. એમ. પટેલ કોમર્સ કોલેજ, સાવલીના યજમાન પદે આંતર કોલેજ બેડમિન્ટન ભાઈઓ - બહેનોની સ્પર્ધાનું આયોજન





**સત્ય સ્વરાજ વડોદરા દ્વારા**

તારીખ 03-010-2024ને ગુરુવારના રોજ શ્રી બી. કે. પટેલ આર્ટ્સ એન્ડ શ્રીમતી એલ. એમ. પટેલ કોમર્સ કોલેજ, સાવલીના યજમાન પદે આંતર કોલેજ બેડમિન્ટન ભાઈઓ - બહેનોની સ્પર્ધાનું આયોજન વી.એમ.એસ.એસ. સ્પોર્ટ્સ કોમ્પલેક્ષ, પરિવાર ચોકડી, વાઘોડીયા રોડ, વડોદરા ખાતે કરવામાં આવ્યું હતું. જેમાં શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી, ગોધરા સંલગ્ન વિભિન્ન કોલેજોમાંથી કુલ 19 કોલેજોની ભાઈઓ અને બહેનોને કુલ 28 ટીમોના 65 વિદ્યાર્થી ભાઈઓ - બહેનોએ આ સ્પર્ધામાં ભાગ લીધો હતો. ભાઈઓ અને બહેનોની સિંગ્લસ અને ડબલ્સની સ્પર્ધા રમાડવામાં આવી હતી.

સમગ્ર સ્પર્ધાનું પરિણામ આ મુજબ હતું.

ભાઈઓ સિંગલ્સઃ (1) રાહુલ મંગવાણી. (ઝાયડસ મેડીકલ કોલેજ, દાહોદ) (2) સાગર રાઠવા (આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, બોડેલી)

ભાઈઓ ડબલ્સ : 1) ઝાયડસ મેડીકલ કોલેજ, દાહોદ - ચેમ્પિયન 2) જડ્ઝ આર્ટ્સ એન્ડ સાયન્સ કોલેજ, ગોધરા - રનર અપ

**બહેનો સિંગલ્સઃ** 1) હિમાંશી રાજપૂત (નવજીવન આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, દાહોદ)2) પ્રેઝી મેકવાન (નવજીવન સાયન્સ કોલેજ, દાહોદ)

**બહેનો ડબલ્સ** :1) નવજીવન આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, દાહોદ - ચેમ્પિયન 2) જડ્ઝ આર્ટ્સ એન્ડ સાયન્સ કોલેજ, ગોધરા - રનર અપ

સ્પર્ધાને અંતે સમાપન કાર્યક્રમ 4:00 કલાકે યોજવામાં આવ્યો હતો. સમાપન કાર્યક્રમમાં કાર્યક્રમના અધ્યક્ષ સાવલી તાલુકા કેળવણી મંડળના પ્રમુખશ્રી ભાસ્કરભાઈ પટેલ, શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી ગોધરા રમત ગમત સમિતિના સભ્ય પ્રા. હંસાબેન ચૌહાણ, શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી, ગોધરા બોર્ડ ઓફ સ્પોર્ટ્સના સભ્ય પ્રા. સુમનભાઈ રાઠવા, સાવલી કોલેજના અર્થશાસ્ત્ર વિષયના અધ્યાપક ડો. અશોકભાઈ ત્રિવેદી, સાવલી કોલેજના શારીરિક શિક્ષણ વિભાગના અધ્યાપક ડો. જતીન રાજદીપ, અન્ય કોલેજમાંથી પધારેલ શારીરિક શિક્ષણના વ્યાખ્યાતા અને વિવિધ કોલેજના ખેલાડી ભાઈઓ અને બહેનો તથા કોલેજના કલાર્ક શ્રી મહેન્દ્રસિંહ પરમાર, સેવક ભાઈઓ પરેશભાઈ અને અલ્પેશભાઈ ઉપસ્થિત રહ્યા હતા.

મહેમાનોનું આંટી અને ખાદીના ફૂમાલથી સ્વાગત કરવામાં આવ્યું હતું.

મહેમાનોના હસ્તે વિદ્યાર્થીઓને ટ્રોફી આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. કાર્યક્રમની આભારવિધિ ડો. જતીન રાજદીપે કરી હતી. તથા કાર્યક્રમનું સંચાલન કોમર્સ કોલેજ ડભોઈના ડો. સાગરભાઈ દેસાઈએ કર્યું હતું. કાર્યક્રમને અંતે રાષ્ટ્રગાન કરી કાર્યક્રમને પૂર્ણ જાહેર કરવામાં આવ્યો હતો.

# કોલેજના NSS એકમ દ્વારા બહેનો માટે સેલ્ફ ડિફેન્સની બે દિવસીય કાર્યશાળાનું આયોજન:- 07-10-2024

## નવજીવન સાયન્સ કોલેજ, દાહોદના એન.એસ.એસ. એકમ દ્વારા કોલેજના બહેનો માટે સેલ્ફ ડિફેન્સની બે દિવસીય કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું




દાહોદ, તા.૦૭/૧૦/૨૪, ગોવિંદ ગુરૂ યુનિવર્સીટી, વિંઝોલ, ગોધરા સંલગ્ન દાહોદ અનાજ મહાજન સાર્વજનિક સોસાયટી સંચાલિત નવજીવન સાયન્સ કોલેજ, દાહોદ ના એન. એસ. એસ. એકમ ૧ અને ૨ દ્વારા યોદ્ધા માર્શલ આર્ટ્સ ઈન્સ્ટિટ્યૂટ, દાહોદના સહયોગથી બહેનો માટે સેલ્ફ ડિફેન્સની તા.૦૭ અને ૦૮ ઓક્ટોબર એમ બે દિવસીય કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું.

દેશમાં જે પ્રમાણે બળાત્કાર અને મહિલાઓની છેડતીના બનાવો દીન પ્રતિદીન વધી રહ્યા છે, તે જોતા લાગે છે કે હવે મહિલાઓ પોતે જ સ્વરક્ષણ કરી શકે એ હેતુથી આ બે દિવસીય કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું છે. યોદ્ધા માર્શલ આર્ટ્સ ઈન્સ્ટિટ્યૂટ, દાહોદના માસ્ટર ટ્રેનર રવીન્દ્રભાઈ ભગત અને મહિલા કોચ સિદ્ધિ ભગત દ્વારા બહેનોને ફીઝીકલ-મેન્ટલી બન્ને રીતે સેલ્ફ ડિફેન્સની ટેક્નિકસ શીખવામાં આવી હતી અને બહેનો તેમની પાસે માથાની પિન, કાર્ડ કે પેન જેવી વાસ્તુથી સેલ્ફ ડિફેન્સ કઈ રીતે કરી શકાય એ પણ શીખવામાં આવ્યું હતું. આ કાર્યશાળામાં કોલેજના ૭૦ જેટલા બહેનો એ ભાગ લીધો હતો. સમગ્ર કાર્યક્રમનું આયોજન કાર્યકરી આચાર્ય દો. જી. જે. ખરાદી સર ના માર્ગદર્શન હેઠળ એન.એસ.એસ.પી.ઓ. ડો.એસ.એ.પટેલ અને નીલ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

## નવજીવન સાયન્સ કોલેજ, દાહોદ ના એન.એસ.એસ. એકમ દ્વારા કોલેજના બહેનો માટે સેલ્ફ ડિફેન્સની બે દિવસીય કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું




દાહોદ તા.૦૭

તા.૦૭/૧૦/૨૪, શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સીટી, વિંઝોલ, ગોધરા સંલગ્ન દાહોદ અનાજ મહાજન સાર્વજનિક સોસાયટી સંચાલિત નવજીવન સાયન્સ કોલેજ, દાહોદ ના એન. એસ. એસ. એકમ ૧ અને ૨ દ્વારા યોદ્ધા માર્શલ આર્ટ્સ ઈન્સ્ટિટ્યૂટ, દાહોદ ના સહયોગથી બહેનો માટે સેલ્ફ ડિફેન્સની તા.૦૭ અને ૦૮ ઓક્ટોબર એમ બે દિવસીય કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું હતું.

દેશમાં જે પ્રમાણે બળાત્કાર અને મહિલાઓની છેડતીના બનાવો દીન પ્રતિદીન વધી રહ્યા છે તે જોતા લાગે છે કે હવે મહિલાઓ પોતે જ સ્વરક્ષણ કરી શકે એ હેતુથી આ બે દિવસીય કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું છે. યોદ્ધા માર્શલ આર્ટ્સ ઈન્સ્ટિટ્યૂટ, દાહોદ ના માસ્ટર ટ્રેનર રવીન્દ્રભાઈ ભગત અને મહિલા કોચ સિદ્ધિ ભગત દ્વારા બહેનોને ફીઝીકલ-મેન્ટલી બન્ને રીતે સેલ્ફ ડિફેન્સની ટેક્નિક્સ શીખવામાં આવી હતી અને બહેનો તેમની પાસે માથાની પિન, કાર્ડ કે પેન જેવી વાસ્તુથી સેલ્ફ ડિફેન્સ કઈ રીતે કરી શકાય એ પણ શીખવામાં આવ્યું હતું. આ કાર્યશાળામાં કોલેજના ૭૦ જેટલા બહેનો એ ભાગ લીધો હતો. સમગ્ર કાર્યક્રમનું આયોજન કાર્યકરી આચાર્ય દો. જી. જે. ખરાદી સર ના માર્ગદર્શન હેઠળ એન.એસ.એસ. પી.ઓ. ડૉ.એસ. એ. પટેલ અને શ્રી. નીલ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

દિવ્ય ભાસ્કર ગોધરા-દાહોદ ભાસ્કર 08-10-2024

## દાહોદ નવજીવન સાયન્સ કોલેજની બહેનો માટે સેલ્ફ ડિફેન્સની 2 દિવસીય કાર્યશાળા



દાહોદ. નવજીવન સાયન્સ કોલેજ દાહોદના એન.એસ.એસ. એકમ 1 અને 2 દ્વારા યોદ્ધા માર્શલ આર્ટ્સ ઈન્સ્ટિટ્યૂટ, દાહોદના સહયોગથી બહેનો માટે સેલ્ફ ડિફેન્સની તા.07 અને 08 ઓક્ટોબર એમ બે દિવસીય કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું છે. દેશમાં જે પ્રમાણે બળાત્કાર અને મહિલાઓની છેડતીના બનાવોથી મહિલાઓ પોતે જ સ્વરક્ષણ કરી શકે એ હેતુથી યોદ્ધા માર્શલ આર્ટ્સ ઈન્સ્ટિટ્યૂટ, દાહોદના માસ્ટર ટ્રેનર રવીન્દ્રભાઈ ભગત અને મહિલા કોચ સિદ્ધિ ભગત દ્વારા બહેનોને ફીઝીકલ-મેન્ટલી બન્ને રીતે સેલ્ફ ડિફેન્સની ટેક્નિક્સ શિખવાડાતા કોલેજની 70 બહેનોએ ભાગ લીધો હતો.

# કોલેજ દ્વારા નવરાત્રી નિમિત્તે ગરબાનું આયોજન :- 08-10-2024

## નવજીવન સાયન્સ કોલેજ, દાહોદ દ્વારા નવરાત્રી ઉજવણી નિમિત્તે ગરબાનું આયોજન કરવામાં આવ્યું



દાહોદ તા.૦૯

દાહોદ અનાજ મહાજન સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી સંચાલિત નવજીવન સાયન્સ કોલેજ, દાહોદ ના વિધાર્થી સંઘ દ્વારા તા.૦૯-૧૦-૨૦૨૪ ને બુધવાર ના રોજ કોલેજમાં નવરાત્રી ઉજવણી નિમિત્તે ગરબાનું આયોજન કરવામાં આવ્યું હતું. ગરબામાં કોલેજનાં વિદ્યાર્થીઓ પારંપારિક પહેરવેશમાં સજ્જ થઈને મન મૂકીને ગરબાના તાલે ઝુંમ્યા હતાં. કોલેજના કાર્યકારી આચાર્યશ્રી ડૉ. જી.જે.ખરાદી એ પ્રોત્સાહન આપીને આયોજનને બિરદાવ્યુ હતું. સમગ્ર કાર્યક્રમ વિધાર્થી સંઘના ડૉ. વી.જે.ચૌહાણ, શિખા મોઢીયા, ભૂમિ તીલવાણી અને ધ્રુવી પટેલની આગેવાની હેઠળ થયેલ હતો. કોલેજ ના તમામ વિભાગના વડાશ્રી અને સ્ટાફ સભ્યો એ પણ ઉત્સાહપૂર્વક ગરબાના તાલે ઝુંમ્યા હતાં.

# કોલેજ ગોવિંદ ગુરુ યુનિવર્સિટિના પાંચમા યુવક મહોત્સવમાં ચેમ્પિયન બની :- 19-10-2024

ગુજરાતમિત્ર

મંગળવાર ૨૨ ઓક્ટોબર, ૨૦૨૪

## સંક્ષિપ્ત સમાચાર

## દાહોદગોવિંદ ગુરૂ યુનિવર્સિટીના પાંચમા યુવક મહોત્સવમાં ચેમ્પિયન બની




**દાહોદ :** દાહોદ અનાજ મહાજન સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી સંચાલિત નવજીવન સાયન્સ કોલેજ, દાહોદ એ શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી, ગોધરા દ્વારા તા. 17 - 19 /10/2024 દરમ્યાન યુનિવર્સિટી કક્ષાના પાંચમા યુવક મહોત્સવ "સ્પનંદન-2024" નું આયોજન કરવામાં આવેલ હતું. આ યુવક મહોત્સવમાં નવજીવન સાયન્સ કોલેજ, દાહોદ ના કલાકાર વિદ્યાર્થીઓ દ્વારા કુલ 14 સ્પર્ધામાં ભાગ લઈને 10 સ્પર્ધામાં વિજેતા રહ્યા હતાં. તેની સાથે આ યુનિવર્સિટીમાં સૌ પ્રથમવાર યુવક મહોત્સવની જનરલ ચેમ્પિયનશીપની શરૂઆત કરવામાં આવી અને ઈતિહાસમાં પોતાનું નામ સ્વર્ણ અક્ષરે કંડારીને ઈતિહાસની શરૂઆત કરી છે.

# કોલેજના ઝૂલોજીના છાત્રો દ્વારા રતનમહાલની મુલાકાત કરવામાં આવી:- 19-10-2024

## દાહોદ કોલેજના ઝુલોજીના છાત્રો દ્વારા રતનમહાલની મુલાકાત કરવામાં આવી



દાહોદ.દાહોદ અનાજ મહાજન સાર્વજનિક એજ્યુકેશન સોયટી દ્વારા સંચાલિત નવજીવન સાયન્સ કોલેજ, દાહોદ ના ઝૂલોજી વિભાગના વિદ્યાર્થીઓએ રતનમહાલ રીંછ અભયારણ્ય, કંજેટા તેમજ ઉદલ મહુડા, ગુમલી મુકામેની એક દિવસીય શૈક્ષણિક હેતુ મુલાકાત લીધી હતી. જ્યાં વિદ્યાર્થીઓએ ટ્રેકિંગ દરમ્યાન વિવિધ પ્રજાતિના પક્ષી, પ્રાણી તેમજ વનસ્પતિ નિહાળ્યા હતા. આ મુલાકાતનું સંચાલન ઝુલોજી વિભાગના પ્રધ્યાપકો અંકિત એન. ચૌહાણ અને સુષ્મા એમ. રાવત દ્વારા કરવામાં આવ્યું હતું. આ મુલાકાત માટે ઝુલોજી વિભાગના વડા નિકહત વોહરા અને કોલેજ ના આચાર્ય ડો. ગૌરાંગ ખરાડી દ્વારા સતત માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું.

# કોલેજમાં ત્રી-દિવસીય વિક્રમ સારાભાઈ અંતરીક્ષ પ્રદર્શન યોજાયું :- 26-12-2024

## SAC, ISRO, અમદાવાદ અને નવજીવન સાયન્સ કોલેજ, દાહોદના સંયુક્ત ઉપક્રમે ત્રિદિવસીય વિક્રમ સારાભાઈ અંતરિક્ષ પ્રદર્શન કાર્યક્રમનો ઉદઘાટન સમરોહ યોજાયો




દાહોદ, તા. ૨૪/૧૨/૨૪, દાહોદ અનાજ મહાજન સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી સંચાલિત નવજીવન સાયન્સ કોલેજમાં તારીખ ૨૪,૨૫,૨૬ ડિસેમ્બર ૨૦૨૪ દરમિયાન ત્રિદિવાસીય વિક્રમ સારાભાઈ અંતરીક્ષ પ્રદર્શનનું આયોજન કરવામાં આવેલ હતું. આ કાર્યક્રમના ભાગરૂપે મુખ્ય અતિથી તરીકે દાહોદ જીલ્લાના કલેક્ટર યોગેશ નિરગુડે(IAS) ઉપસ્થિત રહયા હતા. આ સાથે જીલ્લા શિક્ષણ અધિકારી એસ.એલ.દામા પણ હાજર રહયા હતા અને SAC,ISRO ના સીનીયર સાયંટિસ્ટ ડો.ભટ્ટ અને બિન્દવ પંડ્યા સાથે તેમની સંપૂર્ણ ટિમ હાજર રહી હતી.

મુખ્ય અતિથી દાહોદ જીલ્લાના કલેક્ટર યોગેશ નિરગુડે(IAS) તેમજ ઉપસ્થિત મહેમાનો દ્વારા વિક્રમ સારાભાઈ અંતરીક્ષ પ્રદર્શન દાહોદ જીલ્લા માટે ખુલ્લું મુકાયું હતું. આ ત્રિ-દિવસીય કાર્યક્રમમાં દાહોદ જીલ્લાની તમામ શાળાઓ અને કોલેજોના વિદ્યાર્થીઓ ઉત્સાહભેર ભાગ લે અને ખગોળ શાસ્ત્ર તથા વિજ્ઞાન વિષયમાં રૂચિ કેળવે તે હેતુ થી સંપૂર્ણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે. અહી ૧૫ જેટલી પેનલ ૧૦ વર્કિંગ મૉડેલ જેમાં ચંદ્રયાન, મંગલયાન GSLV,PSLV સાથે સ્પેસ ઓન વિલ જેવા આકર્ષક અંતરીક્ષ નમુનાઓની ગોઠવણી કરવામાં આવી છે તથા આ કાર્યક્રમના ભાગરૂપે રોકેટ લૉચિંગ જેવા પ્રયોગોનુંઆયોજન પણ કરવામાં આવ્યું છે. આ પ્રદર્શનમાં આશરે ૧૦ થી ૧૨ હજાર જેટલા વિદ્યાર્થીઓ મુલાકાત લે તેવો અંદાજ છે. આ કાર્યક્રમનું આયોજન કોલેજના કાર્યકારી આચાર્ય ડો.ગૌરાંગ ખરાદીના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું છે.

**અવધ એક્સપ્રેસ** ૨૫-૧૨-૨૦૨૪ : બુધ

SAC, ISRO, અમદાવાદ અને નવજીવન સાયન્સ કોલેજ, દાહોદના સંયુક્ત ઉપક્રમે

## ત્રિદિવસીય વિક્રમ સારાભાઈ આંતરિક્ષ પ્રદર્શન કાર્યક્રમનો ઉદ્ઘાટન સમરોહ યોજાયો





દાહોદ તા.૨૪

તા. ૨૪/૧૨/૨૪, દાહોદ અનાજ મહાજન સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી સંચાલિત નવજીવન સાયન્સ કોલેજમાં તારીખ ૨૪,૨૫,૨૬ ડિસેમ્બર ૨૦૨૪ દરમિયાન ત્રિદિવાસીય વિક્રમ સારાભાઈ અંતરીક્ષ પ્રદર્શનનું આયોજન કરવામાં આવેલ હતું. આ કાર્યક્રમ ના ભાગરૂપે મુખ્ય અતિથી તરીકે દાહોદ જિલ્લાના કલેક્ટર શ્રી યોગેશ નિરગુડે (IAS) ઉપસ્થિત રહિયા હતા, આ સાથે જિલ્લા શિક્ષણ અધિકારી એસ.એલ.દામા સાહેબ પણ હાજર રહિયા હતા, અને SAC,ISR ના સીનીયર સાયંટિસ્ટ ડો.ભટ્ટ અને શ્રી બિન્દવ પંડ્યા સાથે તેમની સંપૂર્ણ ટિમ હાજર રહી હતી.

મુખ્ય અતિથી દાહોદ જિલ્લાના કલેક્ટર શ્રી યોગેશ નિરગુડે (IAS) તેમજ ઉપસ્થિત મહેમાનો દ્વારા વિક્રમ સારાભાઈ અંતરીક્ષ પ્રદર્શન દાહોદ જિલ્લા માટે ખુલ્લું મુકાયું હતું. આ ત્રિ દિવસીય કાર્યક્રમ માં દાહોદ જિલ્લાની તમામ શાળાઓ અને કોલેજોના વિધ્યાર્થીઓ ઉત્સાહભેર ભાગ લે અને ખગોળ શાસ્ત્ર તથા વિજ્ઞાન વિષયમાં રુચિ કેળવે તે હેતુ થી સંપૂર્ણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે, અહી ૧૫ જેટલી પેનલ ૧૦ વર્કિંગ મોડેલ જેમાં ચંદ્રયાન, મંગલયાન GSLV, PSLV સાથે સ્પેસ ઓન વિલ જેવા આકર્ષક અંતરીક્ષ નમુનાઓ ની ગોઠવણી કરવામાં આવી છે, તથા આ કાર્યક્રમ ના ભાગરૂપે રોકેટ લોંચિંગ જેવા પ્રયોગોનું આયોજન પણ કરવામાં આવ્યું છે. આ પ્રદર્શનમાં આશરે ૧૦ થી ૧૨ હજાર જેટલા વિધ્યાર્થીઓ મુલાકાત લે તેવો અંદાજ છે. આ કાર્યક્રમ નું આયોજન કોલેજના કાર્યકારી આચાર્ય ડો. ગૌરાંગ ખરાદી ના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું છે.

## દાહોદ નવજીવન સાયન્સ કોલેજમાં વિક્રમ સારાભાઈ અંતરીક્ષ પ્રદર્શનનું ભવ્ય આયોજન કરાયું



દાહોદ,

દાહોદ અનાજ મહાજન સાર્વજનિક સોસાયટી સંચાલિત નવજીવન સાયન્સ કોલેજ માં તા.૨૪,૨૫,૨૬ ડિસેમ્બર ના રોજ વિક્રમ સારાભાઈ અંતરિક્ષ પ્રદર્શનનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ ત્રિ દિવસીય કાર્યક્રમ માં આશરે ૧૫૦૦૦ જેટલા વિદ્યાર્થીઓ અને ૫૦૦૦ જેટલી જાહેર જનતા એ ભાગ લીધો હતો.

આ પ્રદર્શનમાં ISRO દ્વારા કરવામાં આવેલી કામગીરીની શોર્ટ ફિલ્મ, ISRO દ્વારા કરવામાં આવેલા દરેક મિશન તથા તે પાછળના વિજ્ઞાનિક કારણોની માહિતીના વર્કિંગ મોડલ, પેનલ મૂકવામાં આવ્યા હતા. આ સાથે સ્પેસ ઓન વ્હીલ તથા રોકેટ લોન્ચિંગ જેવા પ્રયોગોનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ સંપૂર્ણ કાર્યક્રમ શાળા અને કોલેજ ના સમન્વય થી કરવામાં આવ્યો હતો.જેમાં ૧૦૦ વિદ્યાર્થીઓ એ volunteer તરીકે ભાગ લીધો હતો.

આ સાથે SAC, ISRO માંથી આવેલ વૈજ્ઞાનિકો સાથે મુલાકાત કરવાનો ના મોકો પણ વિદ્યાર્થીઓ ને મળ્યો.

આ સાથે ત્રણ દિવસ volunteer તરીકે કામ કરનાર દરેક વિદ્યાર્થીઓ ને પ્રમાણપત્ર અને મોમેન્ટો આપી વિદ્યાર્થીઓ ને પ્રોત્સાહન આપ્યું હતું. આ સંપૂર્ણ કાર્યક્રમ કોલેજના કાર્યકારી આચાર્ય ડો.ગૌરાંગ ખરાદીના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યો હતો.

**દિવ્ય ભાસ્કર** ગોધરા-દાહોદ ભાસ્કર 26-12-2024

ચંદ્રયાન, મંગલયાન GSLV, PSLV સાથે સ્પેસ ઓન વ્હીલ સહિતના આકર્ષક અંતરિક્ષ નમૂનાની ગોઠવણી

## દાહોદની શાળાના 12 હજાર બાળકો અંતરિક્ષ પ્રદર્શન માણશે

ખગોળ શાસ્ત્ર તથા વિજ્ઞાન વિષયમાં રુચિ કેળવે તે હેતુથી સંપૂર્ણ કાર્યક્રમનું આયોજન

ભાસ્કર ન્યૂઝ | દાહોદ

દાહોદ શહેરમાં SAC, ISRO, અમદાવાદ અને નવજીવન સાયન્સ કોલેજ, દાહોદના સંયુક્ત ઉપક્રમે ત્રિ દિવસીય વિક્રમ સારાભાઈ અંતરિક્ષ પ્રદર્શન કાર્યક્રમનો ઉદ્ઘાટન સમારોહ મંગળવારના રોજ યોજાયો હતો.

દાહોદ અનાજ મહાજન સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી સંચાલિત નવજીવન સાયન્સ કોલેજમાં ત્રિ દિવસીય વિક્રમ સારાભાઈ અંતરીક્ષ પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યુ હોવાથી શાળાના સંખ્યાબંધ બાળકો તેનો લાભ લેશે.મંગળવારે ઉદ્ઘાટન કાર્યક્રમમાં મુખ્ય અતિથી તરીકે દાહોદ કલેક્ટર યોગેશ નિરગુડે ઉપસ્થિત રહ્યા હતાં. આ સાથે જિલ્લા શિક્ષણ અધિકારી એસ.એલ.દામા SAC, ISRO ના સીનીયર સાયન્ટિસ્ટ ડો.ભટ્ટ અને બિન્દવ પંડ્યા સાથે તેમની સંપૂર્ણ ટીમ હાજર રહી હતી.

કલેક્ટર નિરગુડે અને ઉપસ્થિત મહેમાનો દ્વારા વિક્રમ સારાભાઈ અંતરીક્ષ પ્રદર્શન દાહોદ જિલ્લા માટે ખુલ્લું મુકાયું હતું. આ ત્રિ દિવસીય કાર્યક્રમમાં દાહોદ જિલ્લાની તમામ શાળાઓ અને કોલેજોના વિધ્યાર્થીઓ ઉત્સાહભેર ભાગ લે અને ખગોળ શાસ્ત્ર તથા વિજ્ઞાન વિષયમાં રુચિ કેળવે તે હેતુથી સંપૂર્ણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યુ છે.અહી 15 જેટલી પેનલ 10 વર્કિંગ મોડેલ જેમાં ચંદ્રયાન,મંગલયાન GSLV,PSLV સાથે સ્પેસ ઓન વ્હિલ જેવા આકર્ષક અંતરીક્ષ નમુનાઓની ગોઠવણી કરવામાં આવી છે.

આ કાર્યક્રમ ના ભાગરૂપે રોકેટ લોંચિંગ જેવા પ્રયોગોનું આયોજન પણ કરવામાં આવ્યું છે. આ પ્રદર્શનમાં આશરે 10 થી 12 હજાર જેટલા વિધ્યાર્થીઓ મુલાકાત લે તેવો અંદાજ છે. આ અંતરીક્ષ પ્રદર્શન કાર્યક્રમ નું આયોજન કોલેજના કાર્યકારી આચાર્ય ડો.ગૌરાંગ ખરાદી ના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું છે.



## દાહોદમાં ત્રિ દિવસીય વિક્રમ સારાભાઈ આંતરિક્ષ પ્રદર્શન કાર્યક્રમનો ઉદ્ઘાટન સમારોહ યોજાયો




દાહોદ : દાહોદ અનાજ મહાજન સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી સંચાલિત નવજીવન સાયન્સ કોલેજમાં તારીખ 24,25,26 ડિસેમ્બર 2024 દરમિયાન ત્રિદિવાસીય વિક્રમ સારાભાઇ અંતરીક્ષ પ્રદર્શનનું આયોજન કરવામાં આવેલ હતું. આ કાર્યક્રમ ના ભાગરૂપે મુખ્ય અતિથી તરીકે દાહોદ જિલ્લાના કલેકટર શ્રી યોગેશ નિરગુડે(IAS) ઉપસ્થિત રહિયા હતા, આ સાથે જિલ્લા શિક્ષણ અધિકારી એસ.એલ. દામા સાહેબ પણ હાજર રહિયા હતા, અને SAC,ISRO ના સીનીયર સાયંટિસ્ટ ડો.ભટ્ટ અને શ્રી બિન્દવ પંડ્યા સાથે તેમની સંપૂર્ણ ટિમ હાજર રહી હતી.

# કોલેજમા ઉદિશા એકમ અને NIIT દ્વારા કારકિર્દી માર્ગદર્શન સેમિનાર યોજાયો :-10-01-2025

દિવ્ય ભાસ્કર ગોધરા-દાહોદ ભાસ્કર 10-01-2025




દાહોદ. નવજીવન સાયન્સ કોલેજ દાહોદ IQAC અને NIIT દ્વારા નવજીવન સાયન્સ કોલેજ,દાહોદ ના ઉદિશા એકમ (પ્લેસમેન્ટ સેલ ) અને NIIT દ્વારા કારકિર્દી માર્ગદર્શન સેમિનારમાં 200 વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો જે કોલેજના કાર્યકારી આચાર્ય ડો. ગૌરાંગ ખરાદીના નેતૃત્વમાં કરાયું હતું.

# કોલેજના એમ. એસ.સી. પ્રાણીશાસ્ત્ર વિભાગના વિધ્યાર્થીઓ દ્વારા ઘનિષ્ટ મરઘાં ઘટક અને KVK ની મુલાકાત:-10 -01-2025

## કોલેજના વિદ્યાર્થીઓ મુવાલીયા મુરઘા ફાર્મ તેમજ કૃષિ વિજ્ઞાન કેન્દ્રની મુલાકાતે




દાહોદ, દાહોદ અનાજ મહાજન સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી દ્વારા સંચાલિત નવજીવન સાયન્સ કોલેજ, દાહોદના M.Sc. ઝુલોજી વિભાગના વિદ્યાર્થીઓ દ્વારા ઘનિષ્ઠ મરઘાં વિકાસ ઘટક, મુવાલીયા તેમજ કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, દાહોદની મુલાકાત લઈ મરઘા ઉછેરની પદ્ધતિની જાણકારી મેળવી હતી.

# કોલેજમા IQAC અને IAF દ્વારા કારકિર્દી માર્ગદર્શન :-20-01-2025

ગોધરા-દાહોદ ભાસ્કર 20-01-2025

## દાહોદની નવજીવન સાયન્સ કોલેજમાં કારકિર્દી માર્ગદર્શન સેમિનાર યોજાયો




દાહોદ, નવજીવન સાયન્સ કોલેજ દાહોદ આઇક્યૂએસી અને ઇન્ડિયન એર ફોર્સ દ્વારા કારકિર્દી માર્ગદર્શન સેમિનારમાં 250 વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. જેમાં વિંગ કમાન્ડર મેકમિલન જી.જી. દ્વારા વિદ્યાર્થીઓને ભારતીય વાયુ સેના અને તેમાં કારકિર્દી વિશે માર્ગદર્શન આપ્યું હતું.

દાહોદ કાર્યાલય :

## સંક્ષિપ્ત સમાચાર

### દાહોદની નવજીવન સાયન્સ કોલેજ ખાતે કારકિર્દી માર્ગદર્શન સેમિનારનું આયોજન



**દાહોદ** : નવજીવન સાયન્સ કોલેજ દાહોદ IQAC અને Indian Air Force દ્વારા તા.18/01ના રોજ કારકિર્દી માર્ગદર્શન સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. 250 વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો . કાર્યક્રમમાં વિંગ કમાન્ડર દ્વારા વિદ્યાર્થીઓને ભારતીય વાયુ સેના અને કારકિર્દી વિશે માર્ગદર્શન આપ્યું હતુ અને તેમની ટીમે વિદ્યાર્થીઓને Induction Publicity Exhibition Vehicle બસ બતાવી, વિવિધ ફાઇટર એરક્રાફ્ટ હેલિકોપ્ટર વગેરે મોડલની સમજ આપી હતી.

### દાહોદની નવજીવન સાયન્સ કોલેજ ખાતે



દાહોદની કોલેજ ખાતે કારકિર્દી માર્ગદર્શન સેમિનારમાં વિદ્યાર્થીઓ જોડાયા હતા

## IQAC અને આઈએએફ દ્વારા કારકિર્દી માર્ગદર્શન સેમિનાર

દાહોદ : નવજીવન સાયન્સ કોલેજ દાહોદ IQAC અને Indian Air Force દ્વારા તા.૧૮ જાન્યુ.ના રોજ કારકિર્દી માર્ગદર્શન સેમિનાર યોજાયો હતો. જેમા આશરે ૨૫૦ વિદ્યાર્થીએ ભાગ લીધો હતો. જેમાં વિંગ કમાન્ડર મેકમિલન જી.જી. દ્વારા વિદ્યાર્થીઓને ભારતીય વાયુ સેના અને તેમાં કારકિર્દી વિશે માર્ગદર્શન આપ્યું હતું. તેમની ટીમે વિદ્યાર્થીઓને Induction Publicity Exhibition Vehicle બસ બતાવી હતી. જેમાં વિવિધ ફાઈટર એરક્રાફ્ટ, એરક્રાફ્ટ સ્ટીમયુલેટર હેલિકોપ્ટર વગેરે મોડલની સમજ આપી હતી. આ કાર્યક્રમ કોલેજના કાર્યકારી આચાર્ય ડો. ગૌરાંગ ખરાદીના નેતૃત્વ હેઠળ કરાયું હતું.

# કોલેજમા IQAC અને ઉદિશા દ્વારા કારકિર્દી માર્ગદર્શન :-
## 24-01-2025

દ્વારા સમય મર્યાદામાં સર્વની કામગીરી   આવાસ યોજના માટે સર્વની કામગીરી   જીવન ધોરણ બદલાશે.

## નવજીવન સાયન્સ કોલેજ,દાહોદ ઉદિશા એકમ અને આઇક્યુએસી દ્વારા કારકિર્દી માર્ગદર્શન સેમિનાર નું આયોજન કરવામાં આવ્યું

દાહોદ, આજરોજ નવજીવન સાયન્સ કોલેજ દાહોદ ખાતે કેરિયર કાઉન્સિલિંગ સેમીનાર નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં BSc sem 6 માં અભ્યાસ કરતા ૧૩૦ જેટલા વિદ્યાર્થીઓ એ ખૂબજ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. જેમાં કાર્યક્રમમાં મુખ્ય વક્તા તરીકે અંગ્રેજી વિષયના પ્રાદ્યાપક ડો.ઉત્પલ ગણાત્રા ઉપસ્થિત રહ્યા હતા તથા આ સમગ્ર કાર્યક્રમ આ કોલેજના રસાયણશાસ્ત્ર વિભાગના વડા ડો.કે .ટી.જોષીની અદયક્ષતામાં યોજવામાં આવ્યો હતો.




## નવજીવન સાયન્સ કોલેજમાં કેરિયર કાઉન્સિલિંગ સેમિનાર યોજાયો



**દાહોદ :** નવજીવન સાયન્સ કોલેજ દાહોદ ખાતે કેરિયર કાઉન્સિલિંગ સેમીનાર નું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં BSc sem ૬ માં અભ્યાસ કરતા ૧૩૦ જેટલા વિદ્યાર્થીઓ એ ખૂબજ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો જેમાં કાર્યક્રમ માં મુખ્ય વક્તા તરીકે અંગ્રેજી વિષય ના પ્રાધ્યાપક શ્રી ડો.ઉત્પલ ગણાત્રા ઉપસ્થિત રહ્યા હતા તથા આ સમગ્ર કાર્યક્રમ આ કોલેજના રસાયણશાસ્ત્ર વિભાગના વડા ડો.કે ટી જોષી ની અધ્યક્ષતામાં યોજવામાં આવ્યો હતો.

દિવ્ય ભાસ્કર ગોધરા-દાહોદ ભાસ્કર 24-01-2025

## દાહોદની નવજીવન સાયન્સ કોલેજમાં કારકિર્દી માર્ગદર્શન સેમિનારનું આયોજન




દાહોદ.દાહોદ નવજીવન સાયન્સ કોલેજ ખાતે કેરિયર કાઉન્સિલિંગ સેમીનારમાં બીએસસી સેમ. 6 માં અભ્યાસ કરતા 130 જેટલા વિદ્યાર્થીઓએ ખૂબજ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો, જેમાં કાર્યક્રમમાં મુખ્ય વક્તા તરીકે અંગ્રેજી વિષય ના પ્રાધ્યાપક ડો.ઉત્પલ ગણાત્રા ઉપસ્થિત રહ્યા હતા.

## કોલેજ દ્વારા પ્રજાસત્તાક દિનની ઉજવણીમાં પ્રથમ ક્રમ પ્રાપ્ત થયો :-
## 26-01-2025



# દાહોદ નવજીવન કોલેજ પ્રજાસત્તાક દિનની ઉજવણીમાં પ્રથમ ક્રમ પ્રાપ્ત મેળવ્યો

દાહોદ, દાહોદ અનાજ મહાજન સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી સંચાલિત નવજીવન સાયન્સ કોલેજ, દાહોદ દ્વારા 26મી જાન્યુઆરી, 2025 ના રોજ દાહોદ જિલ્લા કક્ષાની પ્રજાસત્તાક દિવસની ઉજવણી સીંગવડ મુકામે યોજાયો હતો. જેમાં નવજીવન સાયન્સ કોલેજ, દાહોદ દ્વારા મહિલાઓનું રમત-ગમત ક્ષેત્રે ભાગીદારી અને યોગદાન વધે તે હેતુથી 'મને રમવા દો' નામની મલખમ સાથેની નૃત્ય નાટીકા કોલેજના 27 વિદ્યાર્થીઓ અને ખેલાડીઓ દ્વારા પ્રસ્તુત કરવામાં આવેલ હતી. જેમાં પ્રથમ ક્રમ પ્રાપ્ત કરેલ હતો.

# NSS દ્વારા રકતદાન સીબીર યોજી પુલવામાં શહીદોને શ્રદ્ધાંજલિ :- 15-02-2025

દિવ્ય ભાસ્કર   ગોધરા-દાહોદ ભાસ્કર   15-02-2025

## દાહોદમાં રક્તદાન શિબિર યોજી પુલવામા શહીદોને શ્રદ્ધાંજલિ

## દાહોદની સાયન્સ કોલેજની શિબિરમાં 30 દાતાઓનું રક્તદાન

ભાસ્કર ન્યૂઝ | દાહોદ

નવજીવન સાયન્સ કોલેજ, દાહોદ ખાતે પુલવામા હુમલાના શહીદોને શ્રદ્ધાંજલિ આપવા રક્તદાન શિબિર યોજાઈ હતી. 14 ફેબ્રુઆરીના રોજ ગીરધર નગર કોલેજ કેમ્પસમાં ઝાયડસ બ્લડ સેન્ટર અને ઝાયડસ મેડિકલ કોલેજ એન્ડ હોસ્પિટલના સંયુક્ત ઉપક્રમે રક્તદાન શિબિરમાં 30 યુનિટ રક્તદાન કર્યું હતું. સમગ્ર કાર્યક્રમ એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર ડૉ. શ્રેયસ પટેલ, નીલ પટેલ અને સ્વયંસેવકો દ્વારા આયોજિત થયો હતો.




સાયન્સ કોલેજ NSS એકમ અને ઝાયડસ બ્લડ સેન્ટરનું આયોજન.

## દાહોદમાં રકતદાન શિબિરનુ આયોજન કરી પુલવામા એટેકના શહીદોને શ્રદ્ધાંજલિ અપાઈ

ગુજરાતમિત્ર




**દાહોદ** : તા.૧૪ ફેબ્રુઆરી ૨૦૨૫ ના રોજ શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી, વિંઝોલ, ગોધરા સંલગ્ન અને દાહોદ અનાજ મહાજન સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી સંચાલિત નવજીવન સાયન્સ કોલેજ, દાહોદ ના ગીરધર નગર કોલેજ કેમ્પસ માં ઝાયડસ બ્લડ સેન્ટર, દાહોદ અને ઝાયડસ મેડીકલ કોલેજ એન્ડ હોસ્પિટલ, દાહોદ ના સંયુક્ત ઉપક્રમે બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. કર્યાકારી આચાર્ય ડો. જી. જે. ખરાદી સરના માર્ગદર્શનથી કરાયું હતું.

# NSS દ્વારા સ્વચ્છતા જનજાગૃતિ અંગે શિબિર યોજાયો:-

## 23-02-2025

દિવ્ય ભાસ્કર | ગોધરા-દાહોદ ભાસ્કર 18-02-2025

### શ્રીમતી એમ.બી જૈન અંધજન વિદ્યાલય છાપરી ખાતે ઉદ્ઘાટન

## દાહોદના છાત્રો છાપરીને સ્વચ્છ જીવનશૈલી માટે પ્રોત્સાહિત કરશે

ભાસ્કર ન્યૂઝ | દાહોદ

દાહોદ શહેરની નવજીવન સાયન્સ કોલેજના એનએસએસ એકમ 1 અને 2ની સપ્તદિવસીય સ્વચ્છતા - જનજાગૃતિ ગ્રામ શિબિરના આયોજન બાદ ઉદ્ઘાટન સમારોહ શ્રીમતી એમ.બી જૈન અંધજન વિદ્યાલય છાપરી ખાતે યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમનો ઉદ્ઘાટન સમારોહમાં સમારોહના અધ્યક્ષ અને ઉદ્ઘાટક તરીકે પ્રો.ગૌતમ સંગાડા (સ્વામી વિવેકાનંદ ચેર સભ્ય તેમજ પૂર્વ EC મેમ્બર, એસજીજીયુ ગોધરા ) પ્રેરક ઉપસ્થિત એવા શ્રીમતી એમ.બી જૈન અંધજન વિદ્યાલય છાપરીના આચાર્ય શેખ હુસ્નુદીન અબદુલરેહમાન, નવજીવન સાયન્સ કોલેજના ડૉ.જી.જે. ખરાદી, બાળકો અને એનએસએસના સ્વયંસેવકો ઉપસ્થિત રહ્યા હતા. સમાજ સેવા અને યુવા વિદ્યાર્થીઓનું રાષ્ટ્ર માટે યોગદાનની માહિતી આપી હતી. કોલેજના છાત્રો દ્વારા સાત દિવસ દરમિયાન છાપરી ગામમાં સ્વચ્છતા જાળવવા માટે સફાઈ અભિયાન ચલાવશે. જેમાં રસ્તાઓ, જાહેર સ્થળો અને આસપાસના વિસ્તારોની સફાઈ કરશે. આ સાથે સ્વચ્છતા અને આરોગ્ય વિશે લોકોમાં જાગૃતિ ફેલાવવા માટે કાર્યક્રમોનું આયોજન કરશે. કચરાના યોગ્ય નિકાલ અને વ્યવસ્થાપન વિશે લોકોને માહિતગાર કરવા અને તેમને તે માટે પ્રોત્સાહિત કરવા સાથે ગામના લોકોને સ્વ ચ્છ જીવનશૈલી અપનાવવા માટે પ્રોત્સાહિત કરશે.

દિવ્ય ભાસ્કર | ગોધરા-દાહોદ ભાસ્કર 23-02-2025

## અંધજન વિદ્યાલય છાપરમાં સ્વચ્છતા જનજાગૃતિ અંગે શિબિર




દાહોદ અનાજ મહાજન સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી સંચાલિત નવજીવન સાયન્સ કોલેજ,દાહોદના એનએસએસ એકમ 1-2ની સપ્ત દિવસીય સ્વચ્છતા - જનજાગૃતિ ગ્રામ શિબિરનું આયોજન શ્રીમતી એમ. બી. જૈન અંધજન વિદ્યાલય છાપરી ખાતે કરવામાં આવ્યું હતું. સમારોહના અધ્યક્ષ અને ઉદ્ઘાટક તરીકે યુસુફી કપડિયા જેઓ નેશનલ એસોસિએશન ફોર બ્લાઈન્ડના મંત્રી છે. પ્રેરક ઉપસ્થિત એવા આચાર્ય હુસનુદ્દીન શેખ, નવજીવન સાયન્સ કોલેજના કાર્યકારી આચાર્ય ડૉ.જી.જે.ખરાદી, કોલેજના સ્ટાફ સભ્યો, શાળાના સ્ટાફ સભ્યો, શાળાના બાળકો અને એન.એસ.એસ.ના સ્વયંસેવકો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમના અધ્યક્ષ દ્વારા સ્વયંસેવકોને રાષ્ટ્ર માટેના ઉમદા કાર્યો, સમાજ સેવા અને યુવા વિદ્યાર્થીઓનું રાષ્ટ્ર માટે યોગદાનની માહિતી આપી સ્વયંસેવકોને પ્રોત્સાહન પુરું પાડવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં સ્વયંસેવકો દ્વારા વ્યસનમુક્તિ નાટક અને સાંસ્કૃતિક નાટ્ય રજૂ કરવામાં આવ્યું હતું. છેલ્લા વર્ષના સ્વયંસેવકોને બે વર્ષ દરમિયાન કરવામાં આવેલી ઉત્તમ કામગીરી માટે મોમેન્ટો આપી પ્રોત્સાહિત કર્યા હતાં.

# કોલેજના અધ્યાપક દ્વારા તજજ્ઞ તરીકે ઝાલોદ કોલેજમાં વ્યાખ્યાયાન :-06-03-2025

ગોધરા-દાહોદ ભાસ્કર 06-03-2025

|| સમાજ - સંસ્થા બ્રિફ ||

## ઝાલોદ વિજ્ઞાન કોલેજમાં દ્વિ દિવસીય કારકિર્દી સેમિનાર યોજાયો



ઝાલોદ, સરકારી વિજ્ઞાન કોલેજ, ઝાલોદ ઉદિશા એકમ દ્વારા દ્વિ દિવસીય કારકિર્દી માર્ગદર્શન ઉદિશા એકમ દ્વારા કારકિર્દી માર્ગદર્શન સેમિનારમાં નવજીવન સાયન્સ કોલેજ,દાહોદના TPO ડો.વિશાલ જૈન દ્વારા તજજ્ઞ તરીકે વ્યાખ્યાન કર્યું હતું.

# કોલેજના ઝૂલોજી વિભાગ દ્વારા વિધ્યાર્થીઓ માટે કરિયર કાઉન્સેલિંગ સેમિનાર યોજાયો :-07-03-2025

ગોધરા-દાહોદ ભાસ્કર 08-03-2025

॥ સમાજ - સંસ્થા બ્રિફ ॥

## દાહોદ નવજીવન સાયન્સ કોલેજ કરિયર કાઉન્સિલિંગ સેમિનાર



દાહોદ. નવજીવન સાયન્સ કોલેજ દાહોદના ઝૂલોજી વિભાગ દ્વારા સેમિનારમાં મુખ્ય વક્તા તરીકે ડો. પી બી પટેલે વિદ્યાર્થીઓને ભવિષ્યમાં આવનાર વિવિધ ક્ષેત્રે નોકરીની તક તેમજ અભ્યાસ લક્ષી માહિતી આપી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

# કોલેજ દ્વારા વાર્ષિકોત્સવનું આયોજન કરાયું :-17-03-2025

દિવ્ય ભાસ્કર

ગોધરા-દાહોદ ભાસ્કર 19-03-2025

## દાહોદની કોલેજમાં વાર્ષિકોત્સવની ઉજવણી કરાઈ

# વિદ્યાર્થીઓને કારકિર્દી અને સ્વયં શિસ્ત પર માર્ગદર્શન

ભાસ્કર ન્યૂઝ | દાહોદ

દાહોદ અનાજ મહાજન સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી સંચાલિત નવજીવન સાયન્સ કોલેજ, દાહોદમાં તા.17-03-2025 ના રોજ સ્ટુડન્ટ યુનિયન દ્વારા વાર્ષિકોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે દાહોદ ડીવીઝનના ડી.વાય.એસ.પી જે.પી.ભંડારી સાહેબ ઉપસ્થિત રહ્યા હતા. જેમણે વિદ્યાર્થીઓને જીવન ઉપયોગી, કારકિર્દી સંબંધિત અને સ્વયં શિસ્ત જેવા વિષયો પર માર્ગદર્શન આપ્યું હતું. અતિથિ વિશેષ તરીકે અનુદાનીત કોલેજ કેમ્પસ ડાયરેક્ટર મિહિર શાહની પ્રેરક હાજરીએ વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. આ કાર્યક્રમમાં શૈક્ષણિક વર્ષ 2023-24 અને 2024-25માં યુનિવર્સિટીના પદવીદાન સમારંભમાં ગોલ્ડ મેડલ મેળવનાર, પીએચ.ડી.ની પદવી મેળવનાર વિદ્યાર્થીઓ, સ્ટાફ સભ્યોની વિશેષ સિદ્ધિઓ, શૈક્ષણિક ક્ષેત્રે કોલેજમાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમ મેળવનાર વિદ્યાર્થીઓ સહિત જિલ્લા કક્ષાએ નામના અપાવનાર કલાકાર વિદ્યાર્થીઓ અને ખેલાડીઓ, રમત ગમતમાં કોલેજને ચેમ્પિયન બનાવનાર અને રાષ્ટ્રીય કક્ષાએ પ્રતિનિધિત્વ કરનાર ખેલાડીઓને મોમેન્ટો આપીને સન્માનિત કરાયા હતા.

## દાહોદની નવજીવન સાયન્સ કોલેજમાં વાર્ષિકોત્સવનુ આયોજન કરાયું




દાહોદ : દાહોદ અનાજ મહાજન સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી સંચાલિત નવજીવન સાયન્સ કોલેજ, દાહોદ ના સ્ટુડન્ટ યુનિયન દ્વારા તા.17-03-2025 ને સોમવાર ના રોજ વાર્ષિકોત્સવ નું આયોજન કરવામાં આવેલ હતું. આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે દાહોદ ડીવીઝન ના ડી.વાય.એસ.પી જે.પી.ભંડારી ઉપસ્થિત રહ્યા હતા અને તેમને વિદ્યાર્થીઓને ભવિષ્યમાં જીવન ઉપયોગી, કારકિર્દી સંબંધિત, સ્વયં શિસ્ત જેવા વિષયો ઉપર માર્ગદર્શન આપ્યું હતું. આ પ્રસંગે કોલેજના કાર્યકરી આચાર્ય ડો. ગૌરાંગકુમાર ખરાદી દ્વારા વિદ્યાર્થીઓને ખૂબ અભિનંદન અને શુભેચ્છા પાઠવ્યા હતા. સ્ટુડન્ટ યુનિયન ના સ્ટાફ મેમ્બર્સ ધ્રુવી પટેલ દ્વારા કાર્યક્રમનું સંચાલન કર્યું હતું, શિખા મોઢીયા દ્વારા વાર્ષિક અહેવાલ વાંચન કરેલ હતું જ્યારે કાર્યક્રમની આભારવિધી ભૂમિ ટીલવાણી કરેલ હતી.

## નવજીવન સાયન્સ કોલેજ, દાહોદમાં વાર્ષિકોત્સવનું આયોજન કરવામાં આવ્યું

દાહોદ,

દાહોદ અનાજ મહાજન સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી સંચાલિત નવજીવન સાયન્સ કોલેજ, દાહોદ ના સ્ટુડન્ટ યુનિયન દ્વારા તા.૧૭-૦૩-૨૦૨૫ ને સોમવાર ના રોજ વાર્ષિકોત્સવ નું આયોજન કરવામાં આવેલ હતું. આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે દાહોદ ડીવીઝન ના ડી.વાય.એસ.પી જે.પી.ભંડારી ઉપસ્થિત રહ્યા હતા અને તેમને વિદ્યાર્થીઓને ભવિષ્યમાં જીવન ઉપયોગી, કારકિર્દી સંબંધિત, સ્વયં શિસ્ત જેવા વિષયો ઉપર માર્ગદર્શન આપ્યું હતું. અતિથિ વિશેષ તરીકે અનુદાનીત કોલેજ કેમ્પસ ડાયરેક્ટર મિહિર શાહ ની પ્રેરક હાજરીએ અને તેમના આશીર્વચનએ વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરેલ હતા. કોલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ જેમણે શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪ અને ૨૦૨૪-૨૫ યુનિવર્સિટીના પદવીદાન સમારંભમાં જેમણે ગોલ્ડ મેડલ પ્રાપ્ત કરેલ હતો, પીએચ.ડી. ની પદવી મેળવી હતી, સ્ટાફ સભ્યોની વિશેષ સિદ્ધિઓ, શૈક્ષણિક ક્ષેત્રે કોલેજમાં પ્રથમ,




દ્વિતીય અને તૃતીય ક્રમ પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓ, એન.એસ.એસ. માં યુનિવર્સિટી અને રાષ્ટ્રીય કક્ષાએ ભાગ લીધેલ સ્વયં સેવકો, કોલેજને યુનિવર્સિટીના યુવક મહોત્સવમાં ચેમ્પિયનશીપ અપાવનાર કલાકાર વિદ્યાર્થીઓ, માતૃ સંસ્થા તેમજ જીલ્લા કક્ષાએ નામના અપાવનાર કલાકાર વિદ્યાર્થીઓ અને ખેલાડીઓને, રમત ગમતમાં કોલેજને ચેમ્પિયન બનાવનાર અને રાષ્ટ્રીય કક્ષાએ પ્રતિનિધિત્વ કરનાર ખેલાડીઓને કોલેજના સ્ટુડન્ટ યુનિયન દ્વારા આ તમામ વિદ્યાર્થીઓને મોમેન્ટો આપીને સન્માનિત કરવામાં આવેલ હતાં. આ પ્રસંગે કોલેજના કાર્યકરી આચાર્ય ડો. ગૌરાંગકુમાર ખરાદી દ્વારા વિદ્યાર્થીઓને ખૂબ અભિનંદન અને શુભેચ્છા પાઠવ્યા હતા. સ્ટુડન્ટ યુનિયનના સ્ટાફ મેમ્બર્સ ધ્રુવી પટેલ દ્વારા કાર્યક્રમનું સંચાલન કર્યું હતું, શિખા મોઢીયા દ્વારા વાર્ષિક અહેવાલ વાંચન કરેલ હતું. જ્યારે કાર્યક્રમની આભારવિધી ભૂમિ ટીલવાણી કરેલ હતી. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે પણ મહેનત કરી હતી. સ્ટુડન્ટ યુનિયનના પ્રોફેસર ઈન્ચાર્જ ડો.વિ.જે.ચૌહાણ દ્વારા આ વાર્ષિકોત્સવ ૨૦૨૪-૨૫ ને સફળ બનાવવા માટે ખૂબ જ મહેનત અને અથાગ પરિશ્રમ કરેલ હતો. અંતે ટીમ વર્કથી સમગ્ર કાર્યક્રમને અદ્ભુત સફળ બનાવેલ હતો. કોલેજ પરિવાર [illegible] પણ વાર્ષિકોત્સવ [illegible] સફળ ઉજવણી બદલ ખૂબ ખૂબ અભિનંદન આપ્યા હતા.

3/4